**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

તા.૧૧/૦૨/૨૦૧૮ રવિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૮૮/૧૮**

**શહેરકોટડા પોલીસ સ્ટેશન :**

## દેશી બનાવટનો તમંચો (કટ્ટ) સાથે બે આરોપીઓને પકડી પાડતો શહેરકોટડા પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ

વિશેષ સંયુક્ત પોલીસ કમિ.શ્રી કે.એલ.એન.રાવ સાહેબ શ્રીની સુચના થી નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ સાહેબ તથા એ.સી.પી. શ્રી બળદેવ દેસાઈ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.એમ.ચૌધરી તથા સર્વેલન્સ સ્કોડના પ્રો.પો.સબ.ઇન્સ. પી.વી.ધોકડીયા નાઓ તથા સર્વેસ્કોર્ડના સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન સ્ટાફના પો.કો કેતનકુમાર વિનુભાઇ બ.નં.૪૮૪૧ નાઓને મળેલ ખાનગી બાતમી હકીકત આધારે ચામુંડા સ્મશાન ગુહ પાસે જાહેરમાં આરોપી નં-૧ રાહુલ ભાનુપ્રતાપ સિંહ તોમર ઉ.વ.૨૫ રહે. બી/૧૦૪ ગેલેક્ષી હાઇટ નિકોલ ટોરેન્ટ પાવરની સામે રીંગ રોડની પાસે ઓઢવ અમદાવાદ શહેર નં-૨ દિપકકુમાર સુરેન્દ્રસિંહ પાલ ઉ.વ.૨૩ રહે. હાલ ગોપાલનગર સિંગરવા ગામ સિંગરવા ઓઢવ અમદાવાદ શહેર મુળ વતન હનુમંતપુરા ચૌરા થાના સેદસો તા. ચક્કરનગર જી.ઇટાવા ઉત્તર પ્રદેશ નાઓને વોચ ગોઠવી ચામુંડા સ્મશાન ગુહ ખાતે જાહેરમાંથી પકડી લઇ તેઓની ઝડતી તપાસ દરમ્યાન આરોપીઓ પાસેથી વગર પાસ પરમીટની દેશી બનાવટનો તમંચો (કટ્ટ) નંગ-૧ કિ.રૂ.૫૦૦૦/- તથા જીવતા કારતુસ નંગ-૨ કિ.રૂ.૨૦૦/- તથા મો.ફોન નંગ-૧ કિ.રૂ.૫૦૦/- મળી કુલ્લે રૂ.૫૭૦૦/-નો મુદ્દામાલ પોતાના કબ્જામા રાખી મળી આવેલ હોય તેઓ વિરૂધ્ધમાં શહેરકોટડા પો.સ્ટે સે.ગુ.ર.નં.૩૦૨૫/૧૮ ધી આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧)(બી)(એ) મુજબ નો ગુનો નોંધાવામાં આવેલ તેમજ પકડાયેલ આરોપીઓ પૈકી નો રાહુલ ભાનુપ્રતાપ સિંહ તોમર ઉ.વ.૨૫ નાનો અમદાવાદ શહેર વિસ્તારમાંથી તડીપાર થયેલ હોય જે બાબતે તેની વિરૂધ્ધ શહેરકોટડા પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં-૩૦૨૬/૧૮ જી.પી.એક્ટ કલમ ૧૪૨ મુજબ અલાયદી કાર્યવાહી કરવામાં આવેલ અને સદર બંન્ને આરોપીઓ વિરૂધ્ધ ગુનાઓ નોધવામાં આવેલ જેની આગળની વધુ તપાસ સર્વેલન્સ સ્કોર્ડના પ્રો.પો.સબ.ઇન્સ. પી.વી.ધોકડીયા નાઓ ચલાવી રહેલ છે.







**પાલડી પોલીસ સ્ટેશન :**

મે.પોલીસ કમિશ્નર સા શ્રી તથા જોઈન્ટ પોલીસ કમિશ્નર સેક્ટર-1 સા શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-7 સા શ્રી નાઓએ મિલ્કત સબંધી ગુન્હાઓ તેમજ અનડીટેક્ટ ગુન્હાઓ શોધવા આપેલ સુચના અન્વયે મે અધિક નાયબ પોલીસ કમિશ્નર " એન " ડિવીઝન સા શ્રી ના માર્ગદર્શન હેઠળ આજ-રોજ તા.10/02/2018 ના રોજ અમો તથા સ્ટાફના માણસો સાથે કોમ્બિંગ નાઈટ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન બાતમી હકીકત મળેલ કે વાસણા પો.સ્ટે પ્રોહી.ગુ.ર.નં- 5010/2018 પ્રોહી કલમ 65ઈ, 116(1)(બી), 81, 98(2) મુજબના ગુનાના કામે નાસતો ફરતો આરોપી ધવલ રાજેશભાઈ શાહ ઉ.વ, ૩૩ ધંધો વેપાર રહે ૮૦ ચંદ્રશીલા એપા. બેરેજ રોડ વાસણા અમદાવાદ શહેર નાનો ધરણીધર ચાર રસ્તા પાસેથી ફોર વ્હીલ વર્ના કુડીક ગાડી નંબર પ્લેટ વગરની ગાડીમાં પસાર થનાર છે જે હકીકત આધારે ધરણીધર ચાર રસ્તા ખાતે સ્ટાફના માણસો સાથે વોચમાં ઉભા રહી ફોર વ્હીલ વર્ના કુડીક ગાડી નંબર પ્લેટ રોકી તપાસ કરતા McDowell's No.1 કંપનીની ચાર બોટલ ની કિ. રૂ ૨000/- ગણી ત્રણ મોબાઇલ ફોન કિ.રૂ.15000/- તથા વર્ના કુડીક ગાડી કિ.રૂ.90000/- મળી કુલ્લે કિ.રૂ.107000/- ના મુદામાલ સાથે આરોપી નાઓ પકડાઇ જતા સદરી વિરુધ્ધમાં પાલડી પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં.5016/18 પ્રોહી કલમ. 66(1)(બી),65(AA),65(E),98(2),116(1)B મુજબનો ગુનો દાખલ કરી આરોપીને આજ રોજ તા, 10/02/2018 ના કલાક 01/30 વાગે અટક કરી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**સરખેજ પોલીસ સ્ટેશન :**

પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી પી.આર. રામાણી સરખેજ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓની સુચનાથી સર્વેલન્સ સ્ક્વોડનાં પો.સબ.ઇન્સ. ડી.સી. પરમાર નાઓ તેઓનાં સ્ટાફનાં માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા દરમ્યાન તેઓની બાતમી આધારે સરખેજ ફતેવાડી ખાતે આરોપી ભરતભાઈ કાનજીભાઈ જાતે ગોહિલ ઉ.વ. ૪૮ રહે આઝાદનગર પ્લોટ નં-૧૬૨ શારદા સ્કુલની બાજુમાં ફતેવાડી અમદાવાદ નાઓના રહેણાંક મકાનમા રેઇડ કરી કુલ્લે ૭ આરોપીઓને રોકડા નાણા ૨૬૬૨૦/- તથા ગંજીપાના નંગ ૫૨ તથા મોબાઈલ ફોન નંગ ૭ કિંમત રૂપિયા ૧૯૦૦૦/-ના તથા એક મો.સા. કિંમત રૂપિયા 30,000/-નું મળી કુલ્લે રૂપિયા ૭૫૬૨૦/-નાં મુદામાલ સાથે તારીખ ૯/૦૨/૨૦૧૮ નાં કલાક ૨૩/30 વાગે પકડી ગુન્હો શોધી કાઢવામાં આવેલ છે. જુ.ધા. ૪-૫

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.